અપીલ અરજી નં.૧૫૫ તા.૨૪–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભિખાભાઈ ખંડુભાઈ મહાજન

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભિખાભાઈ ખંડુભાઈ મહાજનની તા.૨૩–૬–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ ખાતા તરફથી તા.૯–૧૧–૦૫ ના રોજ યા તે અરસામાં ટી.પી. સ્કીમ નં.૪ ફા.પ્લોટ નં.૧૯૯, રે.સ.નં.૩૬૧/બી–૨ પૈકી દુકાન નં.૫ તથા ૬ નો જે ભાગ ગેરકાયદેસર દબાણ હોવાનું જણાવી તોડાવેલ છે. તે કહેવાતું દબાણ કેટલું અને કઈ બાજુ હતુ અને તે કેટલી લંબાઈ તથા પહોળાઈનું હતું તેની વિગત તથા તે દબાણ કરવા માટે કોને કોને અને કયારે નોટીસ બજાવેલી તેની પુરી વિગત અંગેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૪–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૫/૨૦૦૯–૧૦

શ્રી ભિખાભાઈ ખંડુભાઈ મહાજનની તા.૨૩–૬–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ ખાતા તરફથી તા.૯–૧૧–૦૫ ના રોજ યા તે અરસામાં ટી.પી. સ્કીમ નં.૪ ફા.પ્લોટ નં.૧૯૯, રે.સ.નં.૩૬૧/બી–૨ પૈકી દુકાન નં.૫ તથા ૬ નો જે ભાગ ગેરકાયદેસર દબાણ હોવાનું જણાવી તોડાવેલ છે. તે કહેવાતું દબાણ કેટલું અને કઈ બાજુ હતુ અને તે કેટલી લંબાઈ તથા પહોળાઈનું હતું તેની વિગત તથા તે દબાણ કરવા માટે કોને કોને અને કયારે નોટીસ બજાવેલી તેની પુરી વિગત અંગેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૭ તા.૨૧–૭–૦૯થી કચેરીનો રેકર્ડ તપાસતાં માહિતી ઉપલબ્ધ નહી હોવાનું જણાવતા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ નવે–૦૫ ના સમયગાળાનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવા કે દબાણ દુર કરવા અંગેના રજીસ્ટરની વિગતોની નકલ તેમજ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૪ તા.૨–૯–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને તથા અરજદારને અખબારી યાદીના આધાર પ્રસિધ્ધિની નકલ, સહ સમર્થન રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧૦–૯–૦૯ ના પત્રની નકલ, તથા જાહેર માહિતી અધિકારીએ ભીમજીભાઈ પટેલને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૮૧ તા.૧૭–૩–૦૮ થી પૂરી પડાયેલ તા.૧–૪–૦૫ થી તા.૧૯–૨–૦૮ સુધીના તોડવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામોની માહિતી પૂરી પાડયાની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તથા અરજદારને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૭ તા.૨૧–૭–૦૯ ના રોજ પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૬–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ ખાતા તરફથી સને ૨૦૦૫–૦૬ તા.૯–૧૧–૦૫ ના રોજ યા તે અરસામાં ટી.પી. સ્કીમ નં.૪ ફા.પ્લોટ નં.૧૯૯, રે.સ.નં.૩૬૧/બી–૨ પૈકી દુકાન નં.૫ તથા ૬ નો જે ભાગ ગેરકાયદેસર દબાણ હોવાનું જણાવી તોડાવેલ છે. તે કહેવાતું દબાણ કેટલું અને કઈ બાજુ હતુ અને તે કેટલી લંબાઈ તથા પહોળાઈનું હતું તેની વિગત તથા તે દબાણ કરવા માટે કોને કોને અને કયારે નોટીસ બજાવેલી તેની પુરી વિગત દબાણ કરેલી રહેવાની જમીનનું નકશા તથા લંબાઈ પહોળાઈનું માપ સહિતનું ક્ષેત્રફળ અંગેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૭ તા.૨૧–૭–૦૯ થી રેકર્ડ તપાસતાં માહિતી ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તેવું જણાવેલ. જેથી અરજદારે તા.૨૪–૮–૦૯ ના રોજ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ ગેરકાયદેસર બાંધકામ તોડવાની છપાયેલી યાદી બહાર પડી છે તેમ છતાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું ખોટું બહાનું કાઢે છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ તા.૧૦–૯–૦૯ ના રોજ અપીલ તબકકે પૂરક વિગતોમાં જણાવેલ છે કે અખબારી યાદીનો કોઈ ઉલ્લેખ મે કરેલો નથી. પરંતુ તા.૧–૪–૦૫ થી તા.૧૯–૨–૦૮ સુધીમાં તોડવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામની માહિતીનું લીસ્ટ કોર્પોરેટર શ્રી ભીમજીભાઈ પટેલે આરટીઆઈ એકટ–૨૦૦૫ અરજી નં.૪૮૧ થી તા.૧૯–૨–૦૮ ની અરજીમાં માંગેલ માહિતીના અનુસંધાનમાં પાના નં. ૯ ની યાદી આપવામાં આવેલ. જેની નકલ અરજદારે તેમની પાસેથી મેળવી અત્રે રજૂ કરેલ છે. જેમાં એન્ટ્રી નં.૮૨, ૮૩ માં પ્લોટ નં.૧૯૮–બી માં આવેલ સબ પ્લોટ નં.૭૧ થી ૭૩ તથા ટીપી નં.૪ મોહનની ચાલ વિસ્તાર કે જયાં મીની બજાર છે તે દર્શાવેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીમાં ટીપી નં.૪, ફા.પ્લોટ નં.૧૯૯, સીટી સર્વે નં.૩૬૧/બી–૨ પૈકી દુકાન નં.૫ અને ૬ ની માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૭ તા.૨૧–૭–૦૯ થી જણાવેલ છે. જયારે અપીલ તબકકે અરજદારે ટીપી નં.૪ મોહનની ચાલ, ફા.પ્લોટ નં.૧૯૮ –બી, માં આવેલ સબ પ્લોટ નં.૭૧ થી ૭૩ તથા ટીપી નં.૪ મોહનની ચાલ કે જયાં મીની બજારની છે. જે મુળ અરજીથી અલાયદી વિગતો જણાવેલ છે તથા તે અંગેના આધાર તરીકે શ્રી ભીમજીભાઈ વી. પટેલ મ્યુ. કોર્પોરેટરે તા.૧૯–૨–૦૮ ના રોજ આઈ ડી નં.૪૮૧ થી માંગેલ માહિતની આપેલ ગેરકાયદેસર બાધકામોની તા.૧–૪–૦૫ થી તા.૧૯–૨–૦૮ સુધી તોડવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામોની પાના ૯ ની યાદી એન્ટ્રી નં.૮૨ ૮૩ રજૂ કરી રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને રેકર્ડ તપાસતાં માહિતી ઉલપબ્ધ ન હોઈ આપી શકાય તેમ નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. આમ માહિતીના ઈન્કારનું કારણ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ પૈકીનું જણાવેલ નથી. જે ધ્યાને લઈ અરજદાર પણ અપીલ તબકકે તે જ મિલ્કતની યાદી હોવાનું શંકા રહિત પણે પુરવાર તે કરી શકેલ નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો નિર્દિષ્ટ સમયગાળા તા.૯–૧૧–૦૫ યા આસપાસના સમય દરમ્યાન ગેરકાયદેસર દબાણ સબંધમાં હાથ ધરેલ કાર્યવાહીને લગતા લાગત દફતર/ રજીસ્ટરની તપાસણી કરી જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૧), ૭(૩) સાથે નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં ભરવાપાત્ર ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેની રજૂઆત થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

*નં.આરટીઆઈસેલ/*
*તારીખ : –૯ – ૦૯*

*ડાયરેકટર ઓફ પ્લાનીંગ*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા પ્રતિ*

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભિખાભાઈ ખંડુભાઈ મહાજન